# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-08-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## GETRI MOU

ગુજરાતમાં ઊર્જા કાર્યક્ષમતા વધારવા માટે ગ્રીન એનર્જી ટ્રાન્ઝિશન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (GETRI) અને એલાયન્સ ફોર એન એનર્જી એફિશિયન્ટ ઇકોનોમી (AEEE) વચ્ચે ભાગીદારી કરાર કરાયા છે. વડોદરામાં યોજાયેલા કાર્યક્રમ દરમિયાન સમજૂતી કરારોનું આદાન પ્રદાન કરાયું હતું. આ કરારનો ઉદ્દેશ્ય રાજ્યના ટકાઉ વિકાસ લક્ષ્યાંકોને હાંસલ કરવાનો અને કાર્બન ઉત્સર્જન ઘટાડવાનો છે.

આગામી ત્રણ વર્ષોમાં, GETRI અને AEEE રાજ્યમાં ઊર્જા-કાર્યક્ષમ પદ્ધતિઓ અપનાવવા માટે સુધારો કરવા માટે ગાઢ સહયોગ કરશે, જે ગુજરાત અને ભારતના આબોહવા પરિવર્તન નિવારણના વ્યાપક લક્ષ્યોમાં યોગદાન આપશે.

--------

## TIRANGA YATRA AMIT SHAH

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા યોજાયેલી તિરંગા યાત્રાનો શહેરના વિરાટનગર ખાતેથી પ્રારંભ કરાવશે. આ યાત્રા કેસરી નંદન ચોકથી શરૂ થઈ બેટી

બચાવો સર્કલ, ઉત્તમનગર ખોડીયાર મંદિર, કોઠિયા હૉસ્પિટલ, કેનાલ ક્રોસ, જીવણવાડી સર્કલ થઈ નિકોલના ખોડિયાર મંદિર ખાતે પૂર્ણ થશે.

આ યાત્રામાં મુખ્ય મહેમાન તરીકે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તરીકે ઉપસ્થિત રહેશે. તેમ જ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, રાજ્યકક્ષાના મંત્રી જગદીશ વિશ્વકર્મા પણ આ યાત્રામાં જોડાશે.

--------

## TIRANGA YATRA AMIT SHAH

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા યોજાયેલી તિરંગા યાત્રાનો શહેરના વિરાટનગર ખાતેથી પ્રારંભ કરાવશે. આ યાત્રા કેસરી નંદન ચોકથી શરૂ થઈ બેટી બચાવો સર્કલ, ઉત્તમનગર ખોડીયાર મંદિર, કોઠિયા હૉસ્પિટલ, કેનાલ ક્રોસ, જીવણવાડી સર્કલ થઈ નિકોલના ખોડિયાર મંદિર ખાતે પૂર્ણ થશે.

આ યાત્રામાં મુખ્ય મહેમાન તરીકે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તરીકે ઉપસ્થિત રહેશે. તેમ જ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, રાજ્યકક્ષાના મંત્રી જગદીશ વિશ્વકર્મા પણ આ યાત્રામાં જોડાશે.

--------

## DISTRICT TIRANGA YATRA

રાજ્યભરમાં વિવિધ સ્થળોએ તિરંગા યાત્રા યોજાઇ રહી છે.

ગાંધીનગરના કુડાસણ ખાતે જિલ્લાકક્ષાની તિરંગા યાત્રા યોજાઈ ગઈ.

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકામાં આવેલી અમરાપર પ્રાથમિક શાળા નંબર એકમાં તાલુકાકક્ષાના હરઘર તિરંગા અભિયાનની ઉજવણી કરવામાં આવી. દરમિયાન શાળાના બાળકોએ સ્વાતંત્ર્ય સેનાનીઓ, ક્રાંતિકારોની વેશભૂષા ધારણ કરી વીર સપૂતોને સ્મરણાંજલિ અપર્ણ કરી હતી.

ભાવનગરના ગારીયાધાર ખાતે યોજાયેલી હરઘર તિરંગા યાત્રામાં અંદાજે ત્રણ હજાર લોકો જોડાયા હતા.

બોટાદમાં હરઘર તિરંગા અભિયાન અંતર્ગત યોજાએલી તિરંગા યાત્રામાં પોલીસ અને ઇઝી સ્કાઉડ બેન્ડ દ્વારા “નેશન ફર્સ્ટ” વિષયવસ્તુ આધારિત પ્રસ્તુતિમાં કોમી એખલાસનું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું.

પોરબંદરમાં કનકાઈ માતાજીના મંદિર પાસે આવેલા ગાંધી સ્મૃતિ ભવનમાં ધારાસભ્ય અર્જૂન મોઢવાડિયાની ઉપસ્થિતિમાં  હરઘર તિરંગા યાત્રા યોજાઈ હતી.

મહેસાણામાં કડી તાલુકા પંચાયત ખાતે સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ દ્વારા હરઘર તિરંગાની ઉજવણી કરવામાં આવી.

પાટણમાં સરસ્વતી તાલુકાના સરીયદ ગામ ખાતે તિરંગા યાત્રામાં મામલતદાર, ટીડીઓ સહિત અધિકારીઓ-કર્મચારીઓ, અને ગ્રામજનો જોડાયા હતા.

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકામાં ધારાસભ્ય ધવલસિંહ ઝાલા સાથે વહીવટી તંત્રના અધિકારીઓ તેમ જ અનેક નાગરિકો જોડાયા હતા.

છોટા ઉદેપુર જિલ્લાના વનવિભાગ દ્વારા હરઘર તિરંગા અભિયાનની ઉજવણી કરવામાં આવી.

જામનગર જિલ્લામાં હરઘર તિરંગા યાત્રામાં સાંસદ પૂનમબેન માડમ જોડાયાં હતાં. દરમિયાન મહાનુભાવોએ ડૉ. બાબાસાહેબ આંબેડકર અને ધ્રોલ ઠાકુર સાહેબની પ્રતિમાને ફૂલહાર અર્પણ કર્યા હતા.

બનાસકાંઠાના પાલનપુરમાં દેશભક્તિના નારા સાથે રાજ્યસભા સાંસદ બાબુ દેસાઈની ઉપસ્થિતિમાં પોલીસ મુખ્યમથકથી કલેક્ટર કચેરી સુધી તિરંગા યાત્રા યોજાઈ ગઈ. જાહેર માર્ગ પરથી પસાર થતી તિરંગાયાત્રાએ આકર્ષણ જણાવ્યું હતું.

--------

## GANDHINAGAR CABINET MEETING

રાજ્યમાં સ્વતંત્રતા પર્વના કાર્યક્રમને ધ્યાનમાં રાખી ગાંધીનગર ખાતે આજે મંત્રીમંડળની બેઠક યોજાઈ ગઈ. આ બેઠકમાં રાજ્યમાં વરસાદની સ્થિતિ, સૌરાષ્ટ્રમાં પાક નુકસાની સંદર્ભે ચાલી રહેલા સરવે અંગે સમીક્ષા કરવામાં આવી. તેમ જ વિધાનસભા સત્ર, તેમાં રજૂ થનારા

ખરડા અંગે અને સ્વતંત્રતા પર્વની ઉજવણી તેમ જ તિરંગા યાત્રા સંદર્ભે ચર્ચા કરવામાં આવી.

----------------

## RAIN

રાજ્યમાં છેલ્લા ચોવીસ કલાકમાં 33 જિલ્લાના 182 તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ વરસાદ નવસારી તાલુકામાં સાડા ત્રણ ઇંચ, સુરતમાં પોણા ત્રણ ઇંચથી વધુ, જ્યારે આણંદમાં પણ પોણા ત્રણ ઇંચથી વધુ વરસાદ નોંધાયો હતો. સરદાર સરોવર ડેમ તેની ક્ષમતાના 90 ટકાથી વધુ ભરાઇ ગયો છે.

રાજ્યભરમાં અંદાજે સિઝનનો 72 ટકો વરસાદ વરસ્યો. હવામાન વિભાગ અનુસાર સૌથી વધુ કચ્છ જિલ્લામાં 87.40 ટકા વરસાદ જ્યારે દક્ષિણ ગુજરાતમાં 86 ટકા વરસાદ નોંધાયો છે.

જ્યારે ઉત્તર ગુજરાતમાં 54 ટકા, પૂર્વોત્તર જિલ્લામાં 56 ટકા, જ્યારે સૌરાષ્ટ્રમાં 80 ટકા વરસાદ સાથે કુલ 72 વરસાદ આજ સુધી વરસ્યો છે.

..........................................

## NARMADA DAM

સરદાર સરોવર નર્મદા ડેમની જળ સપાટી 135.76 મીટર પર પહોંચી છે.. નર્મદા ડેમ મહત્તમ સપાટીથી માત્ર 2.92 મીટર દૂર છે..

નર્મદા ડેમની મહત્તમ સપાટી 138.68 મીટર છે. ઉપરવાસમાંથી 1 લાખ 41 હજાર 131 ક્યુસેક પાણીની આવક થતાં નર્મદા ડેમ 90 ટકા ભરાયો હતો.. હાલ પણ નર્મદા ડેમના 9 દરવાજા 1.45 મીટર ખોલવામાં આવશે. નર્મદા ડેમ દરવાજામાંથી  એક લાખ 30 હજાર ક્યુસેક કરતાં વધુ પાણી નર્મદા નદીમાં છોડવામાં આવશે.

-----------------

## CM – VANDE BHARAT TRAIN PRAVAS

રાજ્ય સરકારે કર્મચારીઓને રજા પ્રવાસ રાહત અને વતન પ્રવાસના હેતુ માટે વંદે ભારત ટ્રેનની મુસાફરીને માન્યતા આપવાનો નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકારનાં કર્મચારીઓ દ્વારા રજા પ્રવાસ રાહતમાં વંદે ભારત ટ્રેનની મુસાફરીનો સમાવેશ કરવા રજુઆત કરવામાં આવી હતી.

રાજ્ય સરકારનાં પાંચ લાખ કર્મચારીઓને આ નિર્ણયનો લાભ મળશે. નાણા વિભાગ દ્વારા આ અંગેનો ઠરાવ પ્રસિધ્ધ કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . .